# Vyapar

## Cholamandalam ties up with Ola to offer loans to drivers

**Date: 11/07/2015 | Edition: Mumbai | Page: 03 | Source: Bureau | Clip size (cm): W: 9 H: 10**


India Media Monitor



# ચોલામંડલમ ઇન્વે. ઓલાના ડ્રાઇવર્સને લોન આપશે

મુંબઈ, તા. ૧૦ જુલાઈ

ફાઇનાન્સિયલ સર્વિસીસ કંપની ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સે ટેક્સી સર્વિસ પ્રોવાઇડર ઓલાના ડ્રાઇવર્સને લોન આપવા માટે કંપની સાથે સહયોગ કર્યો છે.

આ સહયોગ હેઠળ ઓલાના ડ્રાઇવર્સને લોનના હપ્તાની ચુકવણી માસિકને બદલે દૈનિક કરવાનો વિકલ્પ છે. ડ્રાઇવર્સ રોજ જેટલું કમાય અને ચુકવણીની વિગતો રિયલ-ટાઇમ ધોરણે શેર કરશે.

ચોલામંડલમના મૅનેજિંગ ડિરેક્ટર વેલાયન સુબ્બેયાહે કહ્યું કે 'આ સુવિધા મારફતે ડ્રાઇવર્સ જે પોતાનું વાહન લઈને તેની રોજિંદી આવકમાંથી હપ્તાની ચુક્વણી કરી શકશે. તેના કારણે ડ્રાઇવર્સમાં નાણાકીય શિસ્ત પણ વિકસશે.

સુબ્બેયાહે કહ્યું કે ઓલાની ટેક્નૉલૉજી પ્લેટફોર્મનો ઉપયોગ લોન પરત ચૂકવવાની પ્રક્રિયા સરળ બનાવશે.

ઓલાના બિઝનેસ વડાએ કહ્યું કે ડ્રાઇવર્સને વિવિધ સ્તરે આવક મેળવવાની તક પ્રાપ્ત થશે, જે તેમના સામાજિક-આર્થિક દરજ્જાને સુધારશે.